રજુ કર્યા તારીખ : ૨૦/૦૯/૧૯૯૫
દાખલ તારીખ : ૨૦/૦૯/૧૯૯૫
ફેંસલ તારીખ : ૦૬ /૦૭/૨૦૨૨
અવધી : વર્ષ માસ દિવસ

**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૧૭૩૨/૧૯૯૫**
આંક :–

ફરિયાદી : શ્રી સરકાર

**વિ.**

આરોપીઓ : (૧) રહીશખાન અકબરખાન પઠાણ,
રહે. જુની જોડાવાળી ચાલી, અમદાવાદ
(૨) મહંમદ સકીલ જહરઅહેમદ અન્સારી,
રહે. રખીયાલ , અમદાવાદ

સરકાર તરફે : વિ.એ.પી.પી. શ્રી
આરોપી તરફે : વિ.વ.શ્રી

બાબત : ઈ. પી. કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

**–: ચુ કા દો :–**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓ એ તા.૦૬.૦૮.૧૯૯૫ ના રોજ કલાક ૨૨:૦૦ થી તા.૦૭.૦૮.૧૯૯૫ ના કલાક ૦૬:૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદીની હુમા પ્રોવિઝન સ ટોર્સની દુકાનમાંથી રોકડ – પરચુરણ રૂા.૫૦/– તથા બદામ, કાજુ, સાબુ, ચા છત્રી ચીજવસ્તુઓ કુલ રૂા.૨,૧ ૭૫/– ની મત્તાની ચોરી કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦ અન્વયે ગુનો રજીસ્ટર કરી,તપાસનીશ અમલદારે તપાસ કરતાં આરોપી વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. કેસની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી.ક.૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને તેની ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સઈદ અહેમદ મહંમદ મુનીર અન્સારીની જુબાની | ૦૪ |
| ૨ | ફરીયાદ | ૦૫ |
| ૩ | પંચસાહેદ નાસીર અહેમદ રાજપુતની જુબાની | ૦૬ |
| ૪ | પંચનામું | ૦૭ |

૩. સદર કામનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા.૦૬.૦૮.૧૯૯૫ ના રોજ કલાક ૨૨:૦૦ થી તા.૦૭.૦૮.૧૯૯૫ ના કલાક ૦૬:૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદીની હુમા પ્રોવિઝન સ્ટોર્સની દુકાનમાંથી રોકડ – પરચુરણ રૂા.૫૦/– તથા બદામ, કાજુ, સાબુ, ચા છત્રી ચીજવસ્તુઓ કુલ રૂા.૨,૧૭૫/– ની મત્તાની ચોરી કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો શિક્ષાપાત્ર એવો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૪. નીચે જણાવેલા કારણોસર ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :–**

**(૫)** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૦૪ થી ફરીયાદી સઈદ અહેમદ મહંમદ મુનીર અંસારીને તપાસતાં તેઓએ જણાવેલ છે કે, બનાવ ૩૦ વર્ષ પહેલા બનેલો. હાલ બનાવમાં શું બનેલ તે યાદ નથી પરંતુ બનાવ વખતે દુકાનમાં ચોરી થયેલી અને માલ સામાન ચોરાયેલ જેની આંક–૦૫ થી ફરીયાદ આપેલી તેમજ આરોપી વિશે કાંઈ જાણતા નથી તેવું જણાવેલ છે તેમજ ફરીયાદને સમર્થનકારી જુબાની આપતા નથી. સદર કામે રીકવરી પંચ નાસીર અહેમદ રાજપુત ને આંક–૦૬ થી તપાસેલ છે અને આરોપીની અટક કે રીકવરી બાબતે કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદી તથા રીકવરી પંચોની જુબાની વિના આરોપી સામેની સ્વતંત્ર ચેન જોડાતી નથી આમ તમામ સાહેદો મળી આવે તેવી શકયતા રહેલ નથી સદર કામે પંચોને તપાસવામાં આવે તો ફકત ગુનાવાળી જગ્યાનું પંચનામું રેકર્ડ પર આવેલ તેટલા માત્રથી ગુના સાથે આરોપી ને જોડી શકાય નહી તથા સદર કામે પી.એસ. ઓને તપસાવામાં આવે તો ફકત ફરીયાદ રેકર્ડ પર આવે પરંતુ ફરીયાદના તત્વો પુરવાર થઈ શકે નહી તથા સદર કામે તપાસ કરનાર ને તપાસવામાં આવે તો ફકત તપાસની કાર્યવાહી નો રીપોર્ટ રેકર્ડ પર આવે અને મહત્વના સાહેદોના અભાવમાં ફરીયાદીના તત્વો પુરવાર થઈ શકે નહી વધુમાં સીધા પુરાવાના અભાવમાં આડકતરો એટલેકે સમર્થનકારી પુરાવો મળે તો પણ આરોપી સામે પુરાવાની ચેન કમ્પલીટ રીતે જોડાય નહી અને અંતે આરોપી ને પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ મળે તેવા સંજોગોમાં મહત્વના સાહેદોના અભાવમાં વધુ પુરાવો લેવામાં આવે તો પણ કોઈ ફળદાયી પરીણામ મળે નહી અને અંતે ટુટ્રાયલ પ્રેકટીસ માં પરીણમે તે સંજોગોમાં આટલા વર્ષો બાદ કોઈ સીધો પુરાવો મળી આવવાની હાલ શકયતા રહેલ નથી.

૬. પ્રસ્તુત કેસમાં આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદીના મકાનમાંથી ચોરી કરેલ હોવા નાં આરોપ સબબ ઈ.પી.કોડ કલમ ૪૫૭, ૩૮૦ મુજબનું તહોમત મુકેલ છે.

આ કામે આગળ ચર્ચા કરી તેમ આરોપી વિરૂધ્ધનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષે રહેલ છે તે સંદર્ભે આ કામે તપાસેલ ફરીયાદીનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેનાં ઘરેથી રોકડ રકમ અને ચાંદીની વસ્તુની ચોરી થયા ની હકીકત ફલિત થાય છે,પરંતુ આ ચોરી આરોપીએ કરેલ છે તેવી હકીકત ફલિત થતી નથી.વળી ફર્સ્ટ બાતમી અહેવાલ જોતાં તેમાં પણ આરોપીનું નામ દર્શાવેલ નથી.આ કામે ડીસ્કવરી પંચનામાનાં પંચે તેમની હાજરીમાં પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.તેવા સંજોગોમાં હાલનાં આરોપીએ ચોરી કરેલ હોવાનું માની શકાય નહિં.આ કામનાં અન્ય સાહેદોને પ્રોસેસ બજેલ છે,પરંતુ તેઓએ પુરાવો રજુ રાખેલ નથી.આ કામે મહત્વનાં એવા સાહેદ ફરીયાદી અને ડીસ્કવરી પંચે આરોપીને સંડોવતો કોઈ પુરાવો આપેલ ન હોય,તેવા સંજોગોમાં એ. આઈ.આર.૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીધીયા વિરુધ્ધ

શંભાજીરાવ સી.અન્જરે ના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ મા ઠરાવેલ,છે કે ,It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. ઉપરોક્ત ચુકાદો એ.આઈ.આર.૨૦૧૨,સુ.કો.૪૯.

આમ,સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કન્વીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.આમ આ કામે ફરીયાદ પક્ષનાં સાહેદો ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ બનાવ સંબંધે શંકા ઉપસ્થિત થાય છે.જેથી આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.વધુમાં હાલનો કેસ આશરે દસ વર્ષ જુનો છે.આરોપી તથા તેમનાં જામીન મળી આવતા નથી. રજુ પુરાવો આરોપીઓને તકસીરવાન ઠરાવવા પુરતો નથી તેવા સંજોગોમાં તેમની ગેર હાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે તો કશી હરકત સરખું નથી.જેથી કલમ ૩૫૩ ની જોગવાઈ ધ્યાને લઈ તેમજ પડેલ પુરાવા આધારે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે

**–: હુ ક મ :–**

(૧) આ કેસનાં આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભા.દં.સંહિતાની કલમ ઈ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકા નો લાભ આપી મુકત કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન સી.આર.પી.સી.૪૩૭–એ ની જોગવાઈ અન્વયે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ જમા હોય તો ફરીયાદી સલીમભાઈ ઈબ્રાહીમ કુરેશી ને વેરીફીકેશન લઈ પરત આપવો

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી સહી કરી જાહેર કરેલ છે.

| | |
|---|---|
| અમદાવાદ<br>તા.૦૬/૦૭/૨૦૨૨ | (જતીન શાંતીલાલ શાહ)<br>એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>કોર્ટ નં. ૧૦<br>અમદાવાદ<br>જીજે.૦૦૯૩૬ |